# વિજયનગરની આંતરરાજ્ય સરહદે પશુપાલક ઉપર રીંછનો હુમલો

## બકરાં ચરાવતો પશુપાલક ગંભીર રીતે ઘાયલ, વિજયનગરના જંગલ વિસ્તારમાં ભય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના જંગલોમાં ૧૮ રીંછની હાજરી છેલ્લી ગણતરીમાં નોંધાઈ છે. જ્યારે નજીકના રાજસ્થાનના જંગલ વિસ્તારમાં પણ રીંછની હાજરી વચ્ચે સરહદ નજીકના રાજસ્થાનના લાધુની ગામ પાસે બકરાં ચરાવતા પશુપાલક ઉપર રીંછે ઓચિંતો હુમલો કરતાં ગંભીર હાલતમાં સારવાર માટે ઈડરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આંતરરાજ્ય સરહદે રીંછે હુમલો કર્યાના અહેવાલ સોશ્યલ મીડીયામાં ફરતા થતાં સ્થાનિક વન વિભાગ ચોકન્નું બની ગયું છે. વિજયનગરના જંગલ વિસ્તારમાં અગાઉ પણ રીંછના હુમલા નોંધાયા છે જેથી વન અધિકારીઓ દ્વારા સરહદના ગામોને સાવધ રહેવા માટે સૂચના આપવામાં આવી છે.

જિલ્લાના જંગલ વિસ્તારમાં દિપડા સહિતના હિંસક પ્રાણીઓની સાથે એકમાત્ર વિજયનગરના ગાઢ જંગલ વિસ્તારમાં રીંછની હાજરી જોવા મલી રહી છે. આ ઉપરાંત બનાસકાંઠાના જેસોર અભયારણ્યમાં પણ ૫૪ રીંછ વન વિભાગના દફતરે નોંધાયાં છે. સાબરકાંઠા જિલ્લાના વિજયનગરનો જંગલ વિસ્તાર બનાસકાંઠા અને રાજસ્થાનના સીમાડાઓ સાથે નજીકથી જોડાયેલો હોવાથી રીંછનું સ્થળાંતર થતું રહ્યું છે. તેમાંય વિજયનગરથી ૧૦ કી.મી. દૂરના રાજસ્થાનના જંગલ વિસ્તારમાં હમણાંથી રીંછની અવર જવર વધી છે. તાજેતરમાં રાજસ્થાનના લાધુની ગામનો પશુપાલક બકરાં ચરાવવા માટે જંગલ વિસ્તારમાં ગયો હતો જે સમયે રીંછે હુમલો કરતાં પશુપાલકને માથા તથા મોંઢાના ભાગે ગંભીર ઈજા થતાં તાત્કાલિક સારવાર માટે ઈડરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. રીંછના હુમલાથી વિજયનગરને જોડતી રાજસ્થાનની સરહદના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ ઉભો થયો છે. પશુપાલક ઉપર રીંછે હુમલો કર્યાના અહેવાલો સોશ્યલ મીડીયામાં ફરતા થતાં વિજયનગર આર.એફ.ઓ., ડી.આર.મકવાણા અનો વન વિભાગની ટીમોએ નજીકના જંગલ વિસ્તારમાં પેટ્રોલીંગ શરૂ કરી લોકોને સાવચેત રહેવા માટે જણાવ્યું છે.

### સૌથી વધુ ૭ હુમલા વર્ષ-૨૦૧૧-૧૨ માં

સાબરકાંઠા વન વિભાગનું માનીએ તો ખાસ કરીને વિજયનગર અને પોશીનાના જંગલ વિસ્તારમાં રાહદારી અને માલધારી ઉપર રીંછના હુમલાના બનાવ નોંધાયા છે. સૌથી વધુ ૭ હુમલા વર્ષ-૨૦૧૧-૧૨ માં નોંધાયા હતા.

### રીંછ દ્વારા થયેલા હુમલાનું વિવરણ..

| વર્ષ | હુમલાના બનાવ |
|---|---|
| વર્ષ-૨૦૧૯-૨૦ | ૧ |
| વર્ષ-૨૦૧૫-૧૬ | ૨ |
| વર્ષ-૨૦૧૪-૧૫ | ૧ |
| વર્ષ-૨૦૧૩-૧૪ | ૧ |
| વર્ષ-૨૦૧૨-૧૩ | ૪ |
| વર્ષ-૨૦૧૧-૧૨ | ૭ |
| વર્ષ-૨૦૧૦-૧૧ | ૨ |
| વર્ષ-૨૦૦૯-૧૦ | ૧ |
| વર્ષ-૨૦૦૮-૦૯ | ૩ |
| વર્ષ-૨૦૦૫-૦૬ | ૨ |



### રીંછના હુમલાનો બનાવ રાજસ્થાનના જંગલ વિસ્તારમાં નોંધાયો છે : આર.એફ.ઓ.

સાબરકાંઠાના વિજયનગરની સરહદ નજીક જંગલ વિસ્તારમાં બકરાં ચરાવતા યુવક ઉપર રીંછે હિંસક હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કર્યાના અહેવાલોથી સનસનાટી મચી છે. વિજયનગર આર.એફ.ઓ. ડી.આર.મકવાણાનો સંપર્ક કરતાં રીંછના હુમલાનો બનાવ રાજસ્થાનના લાધુની વિસ્તારમાં નોંધાયો હોવાનું જણાવ્યું હતું.

### સાબરકાંઠાના જંગલ વિસ્તારમાં રીંછના ૧૫ વર્ષમાં હુમલાની ૨૪ ઘટના

બાયડ : ઉનાલાની શરૂઆત સાથે જ જંગલ વિસ્તારમાં ખોરાક અને પાણી મલવું મુશ્કેલ બનતાં ખાસ કરીને રીંછ વધુ હિંસક બનતા હોય છે. તાજેતરમાં જ વિજયનગરની આંતરરાજ્ય સરહદ ઉપર પશુપાલક ઉપર રીંછે હુમલો કરતાં ગંભીર ઈજા પહોંચી હતી જેને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. સાબરકાંઠાના જંગલ વિસ્તારમાં છેલ્લા ૧૫ વર્ષમાં રીંછના હુમલાની ૨૪ ઘટના નોંધાઈ છે. રસપ્રદ બાબત તો એ છે કે સરકાર દ્વારા રીંછના હુમલામાં ઈજાગ્રસ્તને માત્ર રૂા.૪૩૦૦ની સરકારી સહાય ચૂકવાય છે. જ્યારે હિંસક પ્રાણીના હુમલામાં ઈજાગ્રસ્તનું મૃત્યુ થાય તો વધુમાં વધુ ગુજરાત સરકાર ૪ લાખની સહાય ચૂકવે છે. સાબરકાંઠાના જંગલ વિસ્તારમાં ૧૮ રીંછની વસતી હોવાનું વન વિભાગે જણાવ્યું છે.

# થેરાસણાનો આર્મી જવાન કેન્સર સામે જંગ હાર્યો

## દેશભક્તિના ગીતો સાથે અંતિમ યાત્રા નિકળી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ વડાલી તાલુકાના થેરાસણાના પટેલ પરિવારનો આર્મીમેન જયેશ શામલભાઈ પટેલ કેન્સરના રોગમાં સપડાયા પછી જીવનનો જંગ હારી જતાં પંથકમાં શોકની કાલીમા છવાઈ છે. આર્મી જવાનોની ઉપસ્થિતિ વચ્ચે મૃતક જવાનની અંતિમ યાત્રા દેશભક્તિના ગીતો સાથે નિકલતાં અસંખ્ય લોકો શહીદ જવાન અમર રહો..ના નારા સાથે ભાવુક બની ગયા હતા.

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના થેરાસણા ગામના શામલભાઈ પટેલનો પુત્ર જયેશ (ઉ.૩૪ વર્ષ)ને માતૃભૂમિ પ્રત્યે અનહદ લગાવ હોવાથી સરહદે સુરક્ષા કરવાની નેમ સાથે તે આર્મીમાં જોડાયો હતો. આર્મીની ફરજ દરમ્યાન દેશના અલગ અલગ રાજ્યોમાં ફરજ બજાવનાર યુવાન છેલ્લા કેટલાય સમયથી કેન્સરમાં સપડાયો હતો જે અંગેની સારવાર ચાલી રહી હોવા છતાં તાજેતરમાં કેન્સરથી પીડાતા આર્મી જવાનનું મોત નિપજ્યું હતું જેથી પરિવારજનોની સાથે ગ્રામજનો પણ શોકાતૂર બની ગયા હતા. જવાનના મૃત શરીરને વડાલી સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટ મોર્ટમ માટે લાવવામાં આવતાં દેશપ્રેમ ધરાવતા અસંખ્ય લોકો એકત્રિત થઈ ગયા હતા અને મૃતક યુવાનની અંતિમ યાત્રા નિકાલવામાં આવતાં દેશભક્તિનો માહોલ ખડો થયો હતો. સરહદે મા ભોમની રક્ષા કરનાર યુવાન કેન્સરની મહામારી સામે જીવનનો જંગ હારી જતાં પટેલ પરિવાર ઉપર આભ તૂટી પડ્યું હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. જવાનની અંતિમ યાત્રામાં ઉપસ્થિત અસંખ્ય લોકોએ શહીદ જવાન અમર રહો..ના નારા સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# પોગલુંમાં યોજાયેલા આખ્યાનમાં કલાકાર આગમાં લપેટાયાનો વિડીયો વાયરલ

## સોશ્યલ મિડીયામાં ગેરમાર્ગે દોરતા અહેવાલોની ભરમાર, પોલીસનું સાયબર તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ આજના સોશ્યલ મીડીયાના યુગમાં સાચી માહિતી લોકો સુધી પહોંચે તેના કરતાં ગેરમાર્ગે દોરતા અહેવાલો વધુ ઝડપથી ફેલાઈ રહ્યા છે. પ્રાંતિજ તાલુકાના પોગલુંમાં યોજાયેલા રામદેવપીરના આખ્યાનમાં મોંઢામાં કેરોસીન ભરી ભડકા કરતો કલાકાર આગમાં લપેટાઈ મોત નિપજ્યાનો વિડીયો વાયરલ થતાં હલચલ મચી છે. આશ્ચર્ય વચ્ચે ગામના સ્થાનિક રહીશો આ ઘટનાથી અજાણ રહ્યા છે. આવો કોઈ બનાવ તાજેતરમાં નોંધાયો ન હોવા છતાં પોગલું ગામના નામે અહેવાલ સોશ્યલ મિડીયામાં ફરતા થઈ જતાં ગેરસમજ ઉભી થઈ હોવા છતાં પોલીસનું સાયબર તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં સરી પડ્યું છે. આ અગાઉ પણ જિલ્લામાં સત્યથી વેગલા મેસેજોની ભરમાર થયેલી છે ત્યાં વધુ એક વિડીયોએ પ્રજામાં સનસનાટી મચાવી છે.

છેલ્લા કેટલાક સમયથી સોશ્યલ મિડીયાનો ઉપયોગ સનસનાટી ફેલાવવા માટે થઈ રહ્યો છે. સાચો બનાવ અને જે તે સમયની પરિસ્થિતિની ખરાઈ કર્યા વગર જ સોશ્યલ મિડીયાના યુઝર્સ પોતાની પાસે આવેલી માહિતીને સાચી માની અન્ય ગૃપમાં ફોરવર્ડ કરી દેતા હોવાથી ક્યારેક મુશ્કેલ સ્થિતિ ઉભી થતી હોય છે. પ્રાંતિજ તાલુકાના પોગલું ગામનો એક વિડીયો છેલ્લા કેટલાક દિવસોથી સોશ્યલ મિડીયામાં ખુબ વાયરલ થઈ રહ્યો છે જેમાં રામદેવપીરના આખ્યાન દરમ્યાન કલાકાર મોંઢામાં કેરોસીન ભરી આગના ભડકા કરતો દેખાય છે. આખ્યાન સમયે સામાન્ય ચૂક થવાથી કલાકાર આગની જવાલાઓમાં લપેટાઈ ગયો હોવાનું દેખાય છે પરંતુ આ વિડીયોમાં આ બનાવ પોગલું ગામે બન્યો હોવાનું જણાવી અસંખ્ય ગૃપમાં વાયરલ કરવામાં આવતાં સનસનાટી મચી છે. કેટલાક લોકોએ વિડીયો જોઈ પોગલું ગામના સ્થાનિકોનો તેમજ અન્ય જાગૃત નાગરિકોનો સંપર્ક કરી હકીકત જાણવાનો પ્રયાસ કર્યો પરંતુ સૌથી મોટું આશ્ચર્ય એ સામે આવ્યું છે કે ગામમાં આવું કોઈ આખ્યાન હમણાં યોજવામાં આવ્યું નથી. ગામમાં ક્યારે અને કેવી રીતે આ ઘટના બની તે ખુદ ગ્રામજનો તેનાથી અજાણ હોવાની વિગતો બહાર આવતાં કોઈએ ગેરસમજ ઉભી કરી અન્ય સ્થલના જૂના વિડીયોમાં પોગલુંનું નામ જોડી દીધું હોય તેવું લાગી રહ્યું છે.

### મોંડી રાત્રિની ઘટનાથી પોલીસની આબરૂ ધૂળધાણી

# બાયડ પોલીસ સ્ટેશન આગળ બાઈક ઉપર જતા દંપતિના સોનાના દોરાની તફડંચીનો નિષ્ફળ પ્રયાસ

## પોલીસ આરામપ્રિય બનતાં ચેઈન સ્નેચરોની હિંમત ખૂલી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ બાયડમાં પોલીસની ધાક તલીયે બેઠી છે. શુક્રવારે રાત્રે પોલીસ સ્ટેશન આગલથી બાઈક ઉપર જતા રાવલ દંપતિના ગલામાંથી સોનાના દોરાની તફડંચીનો નિષ્ફલ પ્રયાસ થતાં સનસનાટી મચી ગઈ છે. પોલીસ સ્ટેશનની બહાર કેમેરા ન હોવાથી ચેઈન સ્નેચરની ઓલખ થઈ શકી નથી પરંતુ જે રીતે પોલીસ સ્ટેશન આગલ જ રાત્રે બનેલી ઘટનાએ બાયડની આરામપ્રિય પોલીસની ઉંઘ હરામ કરી છે.

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં ગુનાખોરીનો ગ્રાફ ઉંચકાવવા જઈ રહ્યો છે. ગત રોજ સાંઈવિલા કોમ્પલેક્ષની બંધ દુકાનમાંથી રૂા.૨ લાખની રોકડ અને બારદાનની તસ્કરીએ પોલીસને ઉંધા માથે કર્યા પછી હજુ તપાસ માંડ શરૂ થઈ છે ત્યાં બાયડ પોલીસ સ્ટેશન આગલ જ ૮ કલાક પછી બાઈક ઉપર જઈ રહેલા દંપતિના ગલામાંથી સોનાના દોરાની તફડંચીનો બાઈક ઉપર આવેલા ચેઈનસ્નેચરે પ્રયાસ કર્યો હતો. ચેઈનસ્નેચરે પહેલાં બાઈક ઉપર બેઠેલા રાવલ દંપતિને એક પછી એક સોનાનો દોરો ખેંચી નાસવાનો પ્રયાસ કર્યો પરંતુ ચકોર દંપતિએ એકાએક વલતો પ્રહાર કરતાં પકડાઈ જવાની બીકે ચેઈન સ્નેચર ડેમાઈ તરફ ભાગી છૂટવામાં સફલ રહ્યો હતો. બનાવ અંગે બાયડ પોલીસને તત્કાલ જાણ કર્યા છતાં પણ પોલીસ ચેઈન સ્નેચરને શોધવાનો પ્રયાસ કર્યો ન હતો. જ્યારે ચેઈન સ્નેચર નજીકમાં આવેલા ખાનગી સી.સી.ટીવી કેમેરામાં કેદ થયાની સંભાવના છે ત્યારે પોલીસ સી.સી.ટીવી ફૂટેજ તપાસી ચેઈન સ્નેચર ગેંગના સાગરીતાને ઝડપથી ઝડપી લે.

### લ્યો બોલો... ઘટનાથી પોલીસ જ અજાણ

બાયડ : બાયડ પોલીસ સ્ટેશન આગલ બાઈક ઉપર પસાર થતા રાવલ પરિવારની મહિલાના ગલામાંથી સોનાના દોરાની લૂંટ કરવાનો પ્રયાસ થતાં ચકચાર મચી છે. આશ્ચર્ય વચ્ચે દોરો લૂંટવાના નિષ્ફલ પ્રયાસથી ખુદ પોલીસ અજાણ રહી છે. બાયડ પોલીસનો સંપર્ક કરતાં આવી કોઈ ઘટના બની હોય તો પોલીસ સ્ટેશને આવ્યા વિના રહેજ નહીં તેમ જણાવી અજાણતા દર્શાવી હતી.

### કાયદો વ્યવસ્થાની સ્થિતિ ચિંથરે હાલ, ઠેર ઠેર તસ્કરી પછી લૂંટનો બનાવ

# ધનસુરા નજીકની ઓઈલમીલમાં રૂા.૨૫ હજારની લૂંટથી ખળભળાટ

## લૂંટારૂઓએ એરગન પણ લૂંટી લીધી, જિલ્લા પોલીસ વડા બનાવ સ્થલે દોડ્યા



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ અરવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ ચિંથરેહાલ બની છે. ધનસુરામાં તસ્કરીના બનાવ પછી લૂંટનો બનાવ નોંધાતાં પ્રજામાં ભયનો માહોલ છે. ધનસુરાના કંજરીકંપા પાસે આવેલી મહાલક્ષ્મી ઓઈલ મીલમાં ગત રાત્રે ૬ જેટલા લૂંટારૂઓએ કર્મચારીઓને રૂમમાં ગોંધી રાખી રૂા.૨૫ હજારની લૂંટ કરી પલાયન થઈ જતાં લૂંટના બનાવે પોલીસને હરકતમાં લાવી દીધી છે. લૂંટારૂઓ એરગન પણ લૂંટી ગયાનું સામે આવ્યું છે. લૂંટની ઘટના પછી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત તાબડતોબ ઘટના સ્થલે પહોંચ્યા હતા.

ઉનાલાના આરંભ સાથે તસ્કરો સક્રીય થઈ જતાં પોલીસના નાઈટ પેટ્રોલીંગનો પરપોટો ફૂટી ગયો છે. શહેરી વિસ્તારોમાં રહેણાંક મકાનો અસલામત બની ગયા પછી હવે ઔદ્યોગિક એકમો પણ લૂંટારૂઓના નિશાના ઉપર આવી ગયા છે. ગત રાત્રે ધનસુરા-બાયડ રોડ ઉપર કંજરીકંપાની સીમમાં આવેલી ઓઈલ મીલમાં લૂંટ ટોલકી ત્રાટકી હતી જેમાં ૬ લૂંટારૂઓએ ઓઈલ મીલના કર્મચારીઓને રૂમમાં ગોંધી રાખ્યા પછી ઓફીસમાંથી રૂા.૨૫ હજારની લૂંટ ચલાવી હતી. ઓઈલ મીલના કામદારોને બંદૂક બતાવી ભયના ઓથાર હેઠલ મૂકી દેનાર લૂંટ ટોલકીએ ઓઈલમીલના માલિકની એરગન લૂંટી લીધી હતી. રાત્રે ઓચિંતિ ત્રાટકેલી ટોલકીએ હલ્લાબોલ મચાવી કર્મચારીઓને ગોંધી રાખ્યા પછી લૂંટના બનાવને અંજામ આપતાં હાઈવે માર્ગ ઉપર પોલીસના કાગલ ઉપર ચાલતા પેટ્રોલીંગનો પર્દાફાશ થયો છે. લૂંટનો બનાવ નોંધાતાં જિલ્લા પોલીસ વડા સહિત તપાસનીશ અધિકારીઓ સ્થલ ઉપર દોડી ગયા હતા. પોલીસની નિષ્ક્રિયતાથી લૂંટારૂઓએ ઓઈલમીલમાં આતંક મચાવ્યાના બનાવને પગલે ભયનો માહોલ ઉભો થયો છે. લૂંટનો ભેદ ઉકેલવા માટે પોલીસે એડી ટોચનું જોર લગાવી ઓઈલ મીલમાં ભૂતકાલમાં કામ કરનારા કામદારો તેમજ ટ્રકચાલકોની વિગતો મેલવવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

# અરવલ્લી જિલ્લાના ભવ્ય-દિવ્ય વિકાસ માટે "કપ્તાન"ની આજે પસંદગી

## ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં અરવલ્લી જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત, ૨ પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ અરવલ્લીની ૧૦,૨૩,૭૨૪ માનવ વસતી અરવલ્લી જિલ્લાના ભવ્ય-દિવ્ય વિકાસ માટે ગાંધીનગરમાં રવિવારે યોજાનારી ભાજપની પાર્લામેન્ટરી બોર્ડમાં જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને મોડાસા-બાયડ નગરપાલિકાના કપ્તાન-ઉપકપ્તાન પદે કોની પસંદગી કરે છે તેના ઉપર મીટ મંડાઈ છે. ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં સ્થાનિક મંડલ, જિલ્લા સંગઠન દ્વારા જે નામોની ભલામણ થશે તેના ઉપર મનોમંથન કરી પસંદગીની મહોર લાગશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં અરવલ્લી જિલ્લામાં ભાજપે ૯૦ ટકા બેઠકો જીતી ઈતિહાસ રચ્યો છે. જિલ્લા સંગઠનની સર્વશ્રેષ્ઠ કામગીરીની પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જાહેરમાં વખાણી હતી. જિલ્લા સંગઠને ૮૫ હજાર પેજ પ્રમુખ-સભ્યોને કાર્ડ ઈસ્યુ કરી ઈતિહાસ રચ્યો છે. અરવલ્લી જિલ્લામાં અગાઉ કોંગ્રેસનો દબદબો હતો પરંતુ જિલ્લાના ભવ્ય અને દિવ્ય વિકાસ માટે પ્રજાએ ભાજપને ખોબલે ખોબલા ભરી મત આપતાં અરવલ્લી જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને બંન્ને નગરપાલિકાઓમાં ભાજપનું બુલ્ડોઝર ફરી વલ્તાં કોંગ્રેસનો કરૂણ રકાસ જોવા મળ્યો. ચૂંટણી સંપન્ન થઈ ગઈ છે ત્યારબાદ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં તત્કાલિન સત્તાધિશોની મુદત પૂર્ણ થતાં હવે નવા સત્તાધિશોની નિયુક્તિ કરવાની છે. જેથી મોડાસા ગ્રામ્ય, મોડાસા શહેર, ભિલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા, બાયડ ગ્રામ્ય અને બાયડ શહેર મંડલના પ્રમુખ-મહામંત્રીના સેન્સ પછી જિલ્લા સંગઠન દ્વારા સંકલનની મીટીંગનું આયોજન કર્યું અને તેમાં પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે અનુક્રમે ૩ અને ૨ નામોની પેનલ તૈયાર કરી ભાજપ પાર્લામેન્ટરી બોર્ડને આજે સુપ્રત કરવામાં આવશે. આવેલા નામોના આધારે પાર્લામેન્ટરી બોર્ડ જિલ્લા પંચાયત ઉપરાંત બાયડ, મોડાસા નગરપાલિકા અને મોડાસા, ધનસુરા, ભિલોડા, માલપુર, મેઘરજ અને બાયડ તાલુકા પંચાયતના કપ્તાનની પસંદગી કરશે. તા.૧૬ના રોજ મોડાસા અને બાયડ નગરપાલિકાના કપ્તાન કોણ..?? તે જાહેર થશે. જ્યારે તા.૧૭ માર્ચના રોજ અરવલ્લી જિલ્લા પંચાયત અને ૬ તાલુકા પંચાયતના કપ્તાનની પસંદગી કરાશે.


બીજી વાર્ષિક પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ



સ્વ. પટેલ ધ્રુમિલ રાકેશભાઈ

જન્મ તારીખ : ૦૫/૦૬/૨૦૦૪

અક્ષર નિવાસ તારીખ : ૧૪/૦૩/૨૦૧૯

બાયડ, જી. અરવલ્લી

કરૂણા જેના હૃદયમાં હતી, પરોપકાર જેના પગલામાં કોઇના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો જેનો જીવનમંત્ર હતો, નથી હયાત પણ અમારી સમક્ષ છે એવું લાગ્યા કરે છે. હરઘડી આપની હાજરીનો આભાસ થાય છે. ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે. અંજલી આપણા હૈયું તુટે છે. શ્રધ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે. આપનું સ્મરણ અમારો જીવ છે, આપનો પ્રેમ અમારી મૂડી છે. વાહરે ! કુદરત તારી લીલા એમાં અમને કંઈ સમજ ન પડી. તારા ખજાનામાં શું એવી ખોટ હતી કે તારે ધ્રુમિલની જરૂર પડી ? પ્રભુ તારા આત્માને પરમ શાંતિ આપે એજ અમારી શ્રધ્ધાંજલિ.

લિ.

પટેલ કાન્તિભાઈ બેચરભાઈ (દાદા)
પટેલ મંજુલાબેન કાન્તિભાઈ (દાદી)
પટેલ રાકેશભાઈ કાન્તિભાઈ (પપ્પા)
પટેલ જોત્સનાબેન રાકેશભાઈ (મમ્મી)
પટેલ ચેતનભાઈ કાન્તિભાઈ (કાકા)
પટેલ પ્રિતિબેન ચેતનભાઈ (કાકી)
પટેલ જિનલ ચેતનભાઈ (બહેન)
પટેલ રાગીણી ચેતનભાઈ (બહેન)
પટેલ નંદિની ચેતનભાઈ (બહેન)
પટેલ હર્ષિલ ચેતનભાઈ (ભાઈ)

બાયડ, જી. અરવલ્લી